નં.ડી.હે.સો./કોમ્યુનિટી હેલ્થ ઓફીસર/
જગ્યા/ભરવા/[illegible]/૨૦૨૨
ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી
જિલ્લા પંચાયત અરવલ્લી
મોડાસા
તા. ૨૬/૦૫/૨૦૨૨

પ્રતિ,
પ્રોગ્રામ ઓફીસરશ્રી (એડમીન),
એન.એચ.એમ. ગાંધીનગર

વિષય : - એન.એચ.એમ. અંતર્ગત નોન ટેકનીકલ ની જગ્યા ભરવા બાબત.
સંદર્ભ : - આપશ્રી ના પત્ર નં. એન.એચ.એમ./એસ/પી.એમ.યુ./એચ.આર.એમ.એસ./
ટ્રેનીંગ બાબત/૬૨૯/૨૦૨૨, તા. ૧૩.૦૪.૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભિત પત્ર મુજબ તા. ૧૮/૦૪/૨૦૨૨ના રોજ એચ.આર.એમ.એસ. અંગેની રાખેલ ટ્રેનીંગ માં મળેલ સુચના અન્વયે એન.એચ.એમ. અંતર્ગત જિલ્લા કક્ષાએ વિવિધ સંવર્ગ ની ખાલી રહેલ જગ્યા " આરોગ્ય સાથી" પોર્ટલ મારફત ભરવા જણાવવામાં આવેલ.જે અનુસંધાને અરવલ્લી જિલ્લા માં કોમ્યુનિટી હેલ્થ ઓફીસર ની ખાલી પડેલ જગ્યા માટે આ સાથે સામેલ પત્રક અનુસાર " આરોગ્ય સાથી" પોર્ટલ પર અપલોડ કરવા વિનંતિ.

બિડાણઃ-
જાહેરાત પત્રક

**સભ્ય સચિવ**
**જિલ્લા આરોગ્ય સોસાયટી અને**
**મુખ્યજિલ્લા આરોગ્યઅધિકારી**
**જિલ્લા પંચાયત અરવલ્લી**
**મોડાસા**

નકલ સવિનય રવાના :

- માન. મિશન ડાયરેકટરશ્રી, નેશનલ હેલ્થ મિશન – ગાંધીનગર
- માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અરવલ્લી જિલ્લા પંચાયત – મોડાસા
- માન. અધિક નિયામકશ્રી (આરોગ્ય), આ.ત.સે. અને ત.શિ. (આ.વિ) - ગાંધીનગર
- માન. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિ.ના.નિ. ની કચેરી - ગાંધીનગર

નકલ રવાના :

- પ્રોજેકટ ઓસરશ્રી (એચ.આર.), એસ.પી.એમ.યુ., એન.એચ.એમ. – ગાંધીનગર

## ૧૧ માસના કરાર આધારિત કોમ્યુનિટી હેલ્થ ઓફીસરની ભરતી માટેની જાહેરાત

## જિલ્લા આરોગ્ય સોસાયટી, જિલ્લા પંચાયત, અરવલ્લી.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત અરવલ્લી જીલ્લામાં કોમ્યુનિટી હેલ્થ ઓફીસરની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી બનાવવાની થાય છે.માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ માં HRMS સોફ્ટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત અંગેની સ્પષ્ટતા તથા ઉચ્ચક માસિક વેતન અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | કોમ્યુનિટી હેલ્થ ઓફીસર (કુલ-૨૩ જગ્યા) | ૧. B.A.M.S./GNM/B.Sc નર્સિંગ ની સાથે SIHFW વડોદરા તથા IIPH ગાંધીનગર ધ્વારા CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.<br>૨. CCCH નો કોર્ષ કરેલ બી.એસ.સી. નર્સિંગ તથા પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સિંગના કોર્ષમાં જુલાઇ-૨૦૨૦ થી સામેલ કરેલ હોય જુલાઇ-૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા બી.એસ.સી. નર્સિંગ પાસ થયેલ ઉમેદવારો<br>૩. ગુજરાત આયુર્વેદીક અને યુનાની કાઉન્સીલ/નર્સિંગ કાઉન્સીલના અધ્યતન રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઇએ. | ૨૫૦૦૦/-+વધુમાં વધુ રૂ.૧૦૦૦૦/- સુધી પર્ફોર્મન્સ લીંક ઇન્સેન્ટીવ |

ઉપરોક્ત લાયકાત ધરાવતાં ઉમેદવારોએ તા. ૨૭/૦૫/૨૦૨૨ થી તા. ૦૫/૦૬/૨૦૨૨ ના રાત્રીના ૧૧:૫૯ કલાક સુધીમાં HRMS સોફ્ટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે,તથા જરૂરી લાયકાત ભરવાની રહેશે.

૧. B.A.M.S./GNM/B.Sc નર્સિંગ/પોસ્ટ બેઝીક બી.એસ.સી. નર્સિંગ ની છેલ્લા વર્ષની માર્કશીટ તેમજ ટ્રાયલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે

૨.CCCH ના પ્રમાણપત્ર ની તેમજ CCCH ની માર્કશીટ ની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે

૩. શાળા છોડયાના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ તથા ફોટો આઇ.ડી. કાર્ડની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

ભરેલ વિગતોના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.ઉમેદવારો ધ્વારા ભરેલ વિગતોમાં રૂબરૂ ચકાસણી માં વિસંગતતા જણાશે તો તે ઉમેદવારનું અરજીફોર્મ રદ ગણવામાં આવશે.જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

કરાર આધારિત નિમણુક હોવાથી અન્ય કોઈ હક્ક હિત મળવાપાત્ર રહેશે નહી. તથા કરારની મુદત પુરી થયે આપોઆપ નિયુકિતની મુદત સમાપ્ત થશે.કરાર પુર્ણ થયે પર્ફોમન્સના આધારે વધુ ૧૧ માસ માટે નવો કરાર કરી શકાશે.ઉપરોક્ત .ભરતી બાબતના તમામ અધિકાર જિલ્લા વિકાસ અધિકારી, અરવલ્લી જિલ્લા પંચાયત, મોડાસા ના અબાધિત રહેશે.

સભ્ય સચિવ
ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત અરવલ્લી,મોડાસા